# ઉત્કૃષ્ટ શાળામાં અપેક્ષિત સંચાલન અને આર્થિક સંપદા

ઉત્કૃષ્ટ શાળા એ સૌની પ્રથમ પસંદગી હોય તે સ્વાભાવિક છે, પણ ઉત્કૃષ્ટ શાળાના નિર્ધારણ માટે શાળાનું સંચાલન ખૂબ જ ।ગત્યનો ભાગ ભજવે છે. સાથે સંચાલન સાથે જ આર્થિક બાબતો પણ સંકળાયેલી છે. તો ઉત્કૃષ્ટ શાળાનું અપેક્ષિત સંચાલન અને આર્થિક વ્યવહાર કેવા હોવા જોઇએ તે વિશે દસ મિનિટ માટે વિચારણા કરીએ.

સૌ પ્રથમ તો શાળામાં વિવિધ કાર્ય કે પ્રવૃત્તિઓ માટે વિવિધ સમિતિઓની રચના થયેલી હોવી જોઇએ. જેથી લોકશાહી ઢબે કાર્ય થવાથી ઊંચા પરિણામો પ્રાપ્ત થશે. સૌ વ્યક્તિ પોતે જ પ્રવૃત્તિમાં ભાગીદાર છે તેવો અહેસાસ થશે. મળતાં સારાં કે નબળાં પરિણામ માટે સૌ જવાબદાર ગણાશે. જેથી ભવિષ્યનું આયોજન વધારે પરિણામદાયી અને ગુણવત્તાયુક્ત બનશે. જેમકે, પ્રાર્થના સમિતિ, સાંસ્કૃતિક સમિતિ, રમતગમત સમિતિ, પુસ્તકાલય સમિતિ, માર્ગદર્શન-કારકિર્દી સમિતિ, ભાષા સમિતિ, ગણિત-વિજ્ઞાન મંડળ, સમાજવિદ્યા મંડળ, પ્રવાસ-પિકનિક સમિતિ વગેરે. આવી સમિતિમાં વાલી કે સમાજના કોઇ નાગરિકને પણ ભાગીદાર બનાવી શકાય. શાળામાં વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની યોગ્ય રીતે રચના થયેલી હોવી જોઇએ. એટલું જ નહીં શાળાની વિવિધ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણની જવાબદારી પણ તેમને સોંપવામાં આવતી હોય. તે માટે વિદ્યિાર્થી પ્રતિનિધિમંડળની અવાર નવાર મિટિંગ પણ મળતી રહેવી જોઇએ. તેમને તેમની ઇચ્છા અને હક્કો રજૂ કરવાની પૂર્ણ સ્વતંત્રતા હોવી જોઇએ. તેમણે લીધેલા નિર્ણયોને પૂરતું પ્રાધાન્ય આપવું જોઇએ. વિદ્યાર્થી પ્રતિનિધિમંડળની સાથે વિદ્યાર્થીઓના કલ્યાણ માટે વિમા યોજના, બુકબેંક, આરોગય ચકાસણી, તારુણ્ય શિક્ષણ જેવી વિવિધ પ્રવૃત્તિઓ પણ ચાલવી જોઇએ.

શાળામાં પિતૃમંડળ, માતૃમંડળ, ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ, નિષ્ણાત સલાહકાર મંડળ વગેરેની રચના કરીને અવારનવાર મિટિંગ ભરીને શાળાના વિકાસાર્થે તેમની ભૂમિકાનો સ્વીકાર કરવો જોઇએ. એટલું જ નહીં સંચાલકમંડળમાં પણ શાળાની ગુણવત્તા વધારવા માટે વિવિધ સમિતિઓની રચના કરેલી હોય અને તે સમિતિ દ્વારા શાળાને માર્ગદર્શન અને સહાય પણ મળતાં હોય. શાળામાં અવારનવાર મહાનુભાવો કે નિષ્ણાતોને બોલાવવા જોઇએ. જેનો સીધો લાભ વિદ્યાર્થીઓને થવો જોઇએ. શાળા અને સમાજ અભિન્ન અંગ છે તે નાતે શાળાએ સમાજના કલ્યાણાર્થે કેટલાક કાર્યક્રમો આપવા જોઇએ. સમાજની વિવિધ પ્રવૃત્તિમાં સહયોગ પણ આપવો જોઇએ. જેમકે, સૈનિકફાળો, કુદરતી હોનારત, ગ્રામ સફાઇ, અંધશ્રદ્ધા નિવારણ વગેરે. શાળામાં પણ કર્મચારીના વિકાસાર્થે કોઇ પ્રવૃત્તિ ચાલતી હોવી જોઇએ.

શાળાની શૈક્ષણિક ગુણવત્તા વધારવા માટે લેવાતા આયોજન-નિર્ણયોમાં શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીને સહભાગી બનાવવા જોઇએ. શાળાના વિવિધ આયોજનથી વાલીઓને સતત વાકેફ રાખવા જોઇએ અને તેમાં તેમની ભાગીદારી વધે તે માટેના નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો થવા જોઇએ. એટલું જ નહીં શાળાના શૈક્ષણિક કાર્યો અંગેના વિવિધ અભિપ્રાયો વિદ્યાર્થી અને વાલી પાસેથી અવારનવાર મેળવવા જોઇએ. **શાળા માટે વિદ્યાર્થીઓ નથી, પણ વિદ્યાર્થીઓ માટે શાળા છે તે સિદ્ધાંતને ધ્યાનમાં રાખવો જોઇએ.** શાળાના દરેક કર્મચારીઓનું વર્તન વિદ્યાર્થી અને વાલી માટે સુહાર્દપૂર્ણ હોવું જોઇએ.

શાળામાં અભ્યાસ કરતાં વિવિધ પ્રકારના વિદ્યાર્થીઓ જેમકે, અભ્યાસમાં નબળાં, પ્રતિભાશાળી કે વિકલાંગ બાળકોના વિકાસાર્થે વિવિધ સવલતો-સહાય અને આયોજન એ ઉત્કૃષ્ટશાળાનું સંચાલનનું

આગવું લક્ષણ ગણી શકાય. પોતાની શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અન્ય શાળા, સામાજિક સંસ્થાની મુલાકાતે લઈ જવા જોઇએ. ઉપરાંત વિવિધ શાળા કે સંસ્થા સાથે જોડાણ કરવું જોઇએ. આવી શાળા કે સંસ્થા રાજ્ય,દેશ કે પરદેશમાં પણ આવેલી હોય. જેથી નવો સામાજિક સહકારીય સંબંધ ઊભો થશે. જેનો લાભ વિદ્યાર્થી અને શિક્ષકોને મળશે જ. શાળાના આચાર્ય તેમજ સંચાલક મંડળે દર વર્ષે આત્મમંથન કરવું જોઇએ કે આ વર્ષે શાળાએ અન્ય સંસ્થાનો કેટલો સહકાર લીધો અને કેટલો સહકાર આપ્યો? લોકભાગીદારી કેટલા પ્રમાણમાં થઈ અને તેના પરિણામો કેવાં મળ્યાં?

શાળામાં જરૂરી પત્રકો નિયમિત રીતે ભરાતા હોય, દસ્તાવેજી પૂરાવાઓ એકત્ર કરીને સચવાતા હોય, બજેટ યોગ્ય રીતે બનાવાય અને આયોજન મુજબ ખર્ચ થાય તે પણ ઉતકૃષ્ટશાળાનું લક્ષણ છે. સંચાલક મંડળ અને આચાર્ય અવારનવાર સ્ટાફ, વિદ્યાર્થીઓ સાથે મિટિંગ-સંવાદ કરે તેમજ પ્રોત્સાહન આપે. સંચાલકમંડળ તરફથી આચાર્યના જરૂરી ખર્ચ કરવાની સ્વતંત્રતા આપેલી હોય અને આચાર્ય શાળાની ગુણવત્તા વધારવા પોતાના પોકેટમનીની જેમ તેનો ખર્ચ કરતા હોય ત્યારે શાળાએ કરેલા આયોજન વધુ સરળતાથી અને સારી રીતે પૂર્ણ થતાં હોય છે. ઉતકૃષ્ટ શાળા પોતાના બજેટમાં શૈક્ષણિક વિકાસાર્થે કરવાના થતાં ખર્ચને વધુ પ્રાદાન્ય આપે છે.

શાળાના વિકાસાર્થે સંચાલક મંડળ પાસે આવતાં પાંચ વર્ષનું તો આચાર્ય પાસે આવતાં ત્રણ વર્ષનું આયોજન કરેલું હોવું જોઇએ. શાળા પારિવારિક અને શૈક્ષણિક વાતાવરણ માટે સતત પ્રયત્નશીલ હોય તેમજ તે માટે સાહજિકતાથી તમામ વ્યકિંતો દ્વારા તમામ પ્રકારના પ્રયત્નો થતાં હોય તે શાળા ઉત્કૃષ્ટશાળા કહેવાય. શાળામાં સ્વયંશિસ્ત હોવી જોઇએ. જે વિદ્યાર્થી, શિક્ષક, આચાર્ય, સંચાલક અને વાલી સૌને લાગુ પડે છે. શાળાના વિકાસાર્થે સંચાલકમંડળ રસ દાખવે તેટલું જ પૂરતું નથી પણ તે માટે સતત પ્રયત્નશીલ પણ હોવું જોઇએ. શાળામાં વિદ્યાર્થીના પ્રવેશની પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક હોય તેમજ તે અંગેની માહિતી વિદ્યાર્થી અને વાલીને સરળતાથી ઉપલબ્ધ હોય તે પણ ઉત્કૃષ્ટ શાળામાટે જરૂરી છે. ઉત્કૃષ્ટ શાળા ભ્રષ્ટાચાર અને ડોનેશનથી જોજનો દૂર હોય છે. આવી શાળા માટે પૈસા, પદ, પ્રતિષ્ઠા કરતાં પરિણામ અગત્યનાં હોય છે. આ પરિણામ એટલે શૈક્ષણિક ગુણવત્તા. આ શૈક્ષણિક ગુણવત્તા શાળાના પુસ્તકાલય, પ્રયોગશાળા, વર્ગખંડ, શાળાની દીવાલો, એક કર્મચારીનું બીજા કર્મચારી સાથેનું વર્તન, વિદ્યાર્થીઓ અને શિક્ષકોના માનસિક સ્વાસ્થ્ય વગેરેમાં ડોકાઇ આવે છે. આ અને એના જેવી અનેક બાબતોનો આધાર શાળાનું સંચાલન કેવા પ્રકારનું છે તેની પર આધાર રાખે છે.અંતે **સંચાલક એટલે સારી રીતે ચાલે અને સારી રીતે ચાલતાં શીખવે તે. સંચાલકને અન્ય રીતે મૂલવીએ તો સમ્+ચાલક. સાથે ચાલે તે. તમામને સાથે રાખીને કામ કરે, કાર્ય અને પરિણામમાં સૌને ભાગીદાર બનાવે તે.**